# બુધવારે રાત્રે સાડા નવના સુમારે ગ-૨ નજીક યુવતીની છેડતીનો પ્રયાસ

**મહિલાઓ માટે સલામત રાજ્યના પાટનગરમાં જ ચોંકાવનારી ઘટના : મોબાઈલ પર વાત કરતા ફૂટપાથ પર ચાલી રહેલી યુવતીને દારૂડિયો મોં દબાવી નજીકની ઝાડીઓમાં ખેંચી ગયો : યુવતીએ દારૂડિયાના હાથે બચકું ભરી બૂમાબૂમ કરતાં ટોળું એકત્ર થયું : દારૂડિયાને મેથીપાક ચખાડ્યો**

ગાંધીનગર તા. ૧૩

ગુજરાતને મહિલાઓ માટે દેશમાં સૌથી સલામત રાજ્ય તરીકે ગણાવાઈ રહ્યું છે પરંતુ રાજ્યના પાટનગરમાં જ બુધવારે રાત્રે એવી ઘટના બની હતી કે જેના પગલે હવે ગાંધીનગરમાં પણ મહિલાઓની સલામતી માટે પ્રશ્નાર્થ ખડા થાય છે. શહેરના ગ-૨ સર્કલ નજીક રાત્રે સાડા નવના સુમારે ફૂટપાથ પર ચાલવા નીકળેલી એક યુવતી પોતાના મોબાઈલ પર વાત કરી રહી હતી ત્યારે એક અજાણ્યા દારૂડિયાએ તેને પકડી અને નજીકની ઝાડીમાં ખેંચી છેડતીનો પ્રયાસ કર્યો હતો. અચાનક આવા હુમલાથી હતપ્રત બનેલી યુવતીએ બુમાબુમ કરતા આસપાસમાંથી દોડી આવેલા નાગરિકોએ યુવતીને છોડાવીને દારુડીયાને મેથીપાક આપ્યો હતો.

ગાંધીનગરમાં વસતા પરિવારોની બહેન દીકરીઓ ઉપરાંત શહેરમાં ખૂબ મોટી સંખ્યામાં દેશભરમાંથી વિદ્યાર્થિનીઓ અને નોકરિયાત યુવતીઓ વસવાટ કરી રહી છે. રાજ્યનું પાટનગર હોવાથી અહી સલામતી બાબતે યુવતીઓ નિશ્ચિત છે પરંતુ જે રાત્રિના સમયે કે વહેલી સવારે ચાલવા નીકળે છે તે તમામ યુવતીઓ અને તેમના પરિવારજનો માટે માટે લાલબત્તી સમાન કિસ્સો બુધવારની રાત્રે સર્જાયો હતો. શહેરની મધ્યમાં કહી શકાય તેવા ગ-૨ સર્કલ નજીક માત્ર સાડા નવ વાગ્યાના સુમારે ફૂટપાથ પર મોબાઈલ પર વાત કરતા કરતા ચાલતી જતી એક યુવતીને એક અજાણ્યા દારૂડિયો તેનું મોં દબાવી નજીકની ઝાડીઓમાં ખેંચીને લઈ ગયો હતો. આ દરમ્યાન યુવતીનો મોબાઈલ પણ પડી જવા પામ્યો હતો પરંતુ યુવતીએ હિંમત દાખવીને દારૂડિયાના હાથ પર બચકું ભર્યું હતું જેના કારણે તેની પકડ છૂટી ગઈ હતી અને તુરંત જ યુવતીએ બૂમાબૂમ કરી મૂકી હતી. આ દરમ્યાન યુવતી જેની સાથે મોબાઈલ પર વાત કરી રહી હતી તે બહેનોપણીઓ પણ સામે જ આવી રહી હતી જેમણે દૂરથી સમગ્ર ઘટના જોઈ હતી જેથી તેઓ પણ દોડીને ધસી આવ્યાં હતાં. બૂમાબૂમ થતા જ ગ-૨ સર્કલ નજીકના ખાણીપીણી લારીઓ પરથી વેપારીઓ તથા ગ્રાહકો પણ દોડી આવ્યાં હતાં જે તમામે પેલા દારૂડિયાને પકડીને ખૂબ મેથીપાક ચખાડ્યો હતો. આ દરમિયાન યુવતીના માતા પિતાને જાણ કરાતાં તેઓ પણ ઘટનાસ્થળે આવી પહોંચ્યાં હતાં અને છેવટે સમગ્ર મામલો પેલા દારૂડિયાને લઈને સે.૭ પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો તેવું જાણવા મળ્યું છે પરંતુ પોલીસ સ્ટેશને કોઈ આ ઘટનાની ફરિયાદ નોંધાવવા પામી નથી.




આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી શરૂ થઈ ચુકી છે. આ ઉજવણીના ભાગરૂપે ઉદ્યોગભવન ખાતે આવેલ તમામ કચેરીઓના સહયોગથી મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. કર્મચારીઓએ મોટી સંખ્યામાં આ બ્લડ ડોનેશન કેમ્પમાં ભાગ લીધો હતો.

# આઈઆઈટીઈના તાલીમાર્થીઓને સેન્ટર ઑફ એક્સલન્સ સ્કૂલ્સમાં ઈન્ટર્નશિપ મળશે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના સેક્ટર-૧૫ ખાતેની ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન - આઈઆઈટીઈ દ્વારા યુનિવર્સિટી તથા સંલગ્ન બીએડ સંસ્થાઓમાં અભ્યાસ કરી રહેલા શિક્ષક તાલીમાર્થીઓ માટે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગની સહભાગીતાથી એક નવતર પ્રયોગ હાથ ધર્યો છે. આઈઆઈટીઈ તથા તેને સંલગ્ન બીએડ કૉલેજોના ૨૫૦૦થી વધુ શિક્ષક તાલીમાર્થીઓ રાજ્યના ૩૩ જિલ્લા અને ૭ મહાનગરોની શાળાઓમાં તા.૨૧ ઑગસ્ટથી ૨૦મી ઑક્ટોબર સુધીના બે માસના સમયગાળામાં ઈન્ટર્નશિપ કરીને કાર્યાનુભવ મેળવશે.

આ નવતર પ્રયોગ વિશે આઈઆઈટીઈના બીએડ-એમએડ વિભાગના વડા અને ઈન્ટર્નશિપના પ્રયોગનાં સંયોજક ડૉ. વિરલ જાદવે અખબારી યાદીમાં જણાવ્યું છે કે "ઈન્ટર્નશિપ એ બીએડ અભ્યાસક્રમનો અત્યંત મહત્ત્વપૂર્ણ ભાગ છે, જેમાં તાલીમાર્થીઓને શાળાઓમાં જઈને તેમણે લીધેલી તાલીમનો અમલ કરીને પોતાની શિક્ષણ ક્ષમતાઓથી પરિચિત થવાનું હોય છે અને શિક્ષણકાર્યનો મહાવરો કેળવવાનો હોય છે. અમે આઈઆઈટીઈના કુલપતિ ડૉ. હર્ષદ પટેલના માર્ગદર્શન હેઠળ શિક્ષક પ્રશિક્ષણ ક્ષેત્રમાં આ નવતર પ્રયોગ હાથ ધર્યો છે."

તેમણે વધુમાં જણાવ્યુ કે, "આઈઆઈટીઈ સાથે જોડાયેલા ૨૫૦૦ કરતાં વધુ શિક્ષક તાલીમાર્થીઓ આ બે મહિનાની ઈન્ટર્નશિપમાં જોડાશે. આ તમામ શાળાઓની પસંદગી જે-તે શિક્ષક તાલીમાર્થીએ કરેલી છે. યુનિવર્સિટી આ તમામ વિદ્યાર્થીઓની ઈન્ટર્નશિપ દરમિયાનની કામગીરીનું નિરિક્ષણ શિક્ષણ વિભાગના ગાંધીનગર ખાતે આવેલા કમાન્ડ ઍન્ડ કંટ્રોલ સેન્ટર મારફતે કરવામાં આવશે." સરકાર સાથે મળીને સમગ્ર રાજયની સેન્ટર ઑફ ઍક્સલન્સ શાળાઓને આવરી લેતા આ પ્રકારના ઈન્ટર્નશિપ કાર્યક્રમનું આયોજન કરનારી આઈઆઈટીઈ પ્રથમ યુનિવર્સિટી છે. આ ઈન્ટર્નશિપ માટે તમામ તાલીમાર્થીઓને આઈઆઈટીઈની બાયસેગની ટીવી ચૅનલ શિક્ષાર્થ મારફતે તા.૧૪મી ઑગસ્ટથી તા.૧૯મી ઑગસ્ટ દરમિયાન માર્ગદર્શન આપવામાં આવશે.



ગુજરાત રાજ્યના સહકાર ખાતાના ત્રીજા વર્ગના કર્મચારીઓના મંડળની સામાન્ય ચૂંટણી યોજવાની રજુઆત ખાતાના વડા ડી. પી. દેસાઈને કર્મચારીઓ વતી ત્રીજા વર્ગના કર્મચારીઓ મહેશભાઇ પરમાર, હિતેષભાઇ મકવાણા તથા બળવંતભાઈ જોશી દ્વારા કરવામાં આવી હતી.

# મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા ખાતે સ્વચ્છતા પખવાડિયા અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર, તા. ૧૩

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા સ્વચ્છતા પખવાડિયા અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતુ. તેમાં આજે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. કાર્યક્રમની શરૂઆત પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતી દેવુંએ રૂપરેખા રજૂ કરી હતી. પ્રોગ્રામ ઓફિસર ડૉ. દિવ્યેશ ભટ્ટે સ્વચ્છતા, સુઘડતા અને સામુહિક આરોગ્ય વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. તેમાં વ્યક્તિગત, સામુદાયિક સ્વચ્છતા આગ્રહ તથા આરોગ્યપ્રદ ટેવો દ્વારા એક સ્વસ્થ સમાજ અને વાતાવરણ ઉભુ કરવાની વાતો વિવિધ ઐતિહાસિક સંદર્ભો સહિત વાત કરી હતી. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે પ્રો. રાજેન્દ્ર જોશી ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર પખવાડિયા દરમ્યાન સંકુલ સફાઈ, છાત્રાલય સફાઈ તથા ગ્રામ સફાઈના કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. જે વિદ્યાર્થીઓ ઓનલાઈન શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે તેઓ પોતાના વતનમાં સ્વચ્છતા અંગેના વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આયોજન પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતી દેવું દ્વારા કરવામાં આવ્યું હતું. માર્ગદર્શન સંકુલના સંયોજક રમેશભાઈ પટેલ દ્વારા પુરૂ પાડવામાં આવ્યું હતું.

# ગાંધીનગર જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં 'આપ'ને આવકાર

**પેથાપુર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં ઇશુદાન ગઢવી, મહેશ સવાણી, પ્રવિણ રામ અને સાગર રબારી સહિતના નેતાઓનું સ્વાગત : ગામેગામ કોરોના મૃતકોના આત્માની સદગતિ માટે શ્રદ્ધાંજલિ સભાઓ યોજી**

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લામાં ગ્રામીણ વિસ્તારોમાં આમ આદમી પાર્ટીની જનસંવેદના યાત્રાને ખુબ પ્રોત્સાહક આવકાર પ્રાપ્ત થયો છે. આજ રોજ ગાંધીનગર પેથાપુર ખાતે આમ આદમી પાર્ટીના પ્રદેશ નેતા ઈશુદાન ગઢવી, મહેશ સવાણી તથા અમદાવાદ ઝોનના પ્રભારી શિવકુમાર ઉપાધ્યાય, સંગઠન મંત્રી હસમુખ પટેલ, જિલ્લા પ્રમુખ મુકેશ પટેલ, શહેર પ્રમુખ જીતુ ધરવાડિયા તથા કાર્યકર્તા મિત્રો દ્વારા મહારાણા પ્રતાપ તથા ભગવાન શિવજીના દર્શન કરીને જન સંવેદના અભિયાનનો પ્રારંભ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે આમ





આદમી પાર્ટી દ્વારા રાજ્યભરમાં જન સંવેદના મુલાકાત યાત્રા દ્વારા ગામેગામ કોરોના મૃતકોના સ્વજનો સાથે મુલાકાત યોજવા સાથે શ્રદ્ધાંજલી સભાનું આયોજન કરી તેમને દિલાસો આપવા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

પેથાપુર ખાતે સભા યોજાયા બાદ જન સંવેદના યાત્રાએ ઉનાવા ખાતે ગોગા મહારાજના અને મહાકાળી માતાના મંદિરે દર્શન કરી વાસણીયા મહાદેવ મુકામે દર્શનાર્થે પહોંચી હતી. આ પછી રૂપાલ ગામે ઈસુદાન ગઢવી, મહેશ સવાણી, પ્રવીણ રામ, સાગર રબારી, અમદાવાદ ઝોન પ્રભારી શિવ કુમાર, સંગઠન મંત્રી હસમુખ પટેલ,જિલ્લા પ્રમુખ મુકેશ પટેલ, તાલુકા પ્રમુખ દોલત પટેલ, શહેર પ્રમુખ જીતુભાઈ, ગોવિંદભાઈ વાલાણી, રાકેશભાઈ ભારતીય અને પાર્ટીના કાર્યકર્તાઓએ કોરોના મૃતકોને શ્રદ્ધાંજલિ આપી હતી. આ પછી ચિલોડાના મોટી શિહોલી અને દહેગામ તાલુકાના બહિયલ ગામે ખાતે પણ આપ પાર્ટી દ્વારા કોરોના મૃતકોના આત્માની સદગતિ માટે શ્રદ્ધાંજલિ સભા યોજવામાં આવી હતી.

## ૭૫મા સ્વાતંત્ર્ય દિને રાજ્યપાલશ્રીના હસ્તે રાજભવન ખાતે ધ્વજવંદન

ગાંધીનગ્ઈાર, તા. ૧૩

ભારતના ૭૫મા સ્વાતંત્ર્ય દિન-૧૫મી ઓગષ્ટના રોજ ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત રાજભવનના પ્રાંગણમાં સવારે ૮ વાગે રાષ્ટ્રધ્વજ ફરકાવી ધ્વજવંદન કરશે. ત્યારબાદ તેઓના વરદ્‌હસ્તે વૃક્ષારોપણ કરાશે. ૭૫મા સ્વાતંત્ર્ય દિન ૧૫મી ઓગષ્ટના અવસરે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં રાજભવન ખાતે સાંજે ૫ વાગે "સ્નેહમિલન" સમારોહનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

## ૭૫મા સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ૧૪મીએ જૂનાગઢમાં 'સ્નેહમિલન" સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

૭૫મા સ્વાતંત્ર્ય દિન પર્વની ઉજવણીના અવસરે ૧૪મી ઓગષ્ટ, ૨૦૨૧ના રોજ સાંજે ૪.૩૦ વાગે જૂનાગઢ ખાતે ગુજાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં "સ્નેહમિલન" સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે.

## ઉબડ ખાબડ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

માર્ગો ઉબડ ખાબડ જોવા મળી રહ્યા છે. ગત વર્ષ દરમિયાન હાથ ધરોયલી સ્ટોર્મ વોટર લાઇનની કામગીરીના અંતે પણ રસ્તાઓની હાલત ખરાબ થઈ છે. કોર્પોરેશન દ્વારા સેકટરોના આંતરિક વિસ્તારમાં આડેધડ ખોદકામ કરીને માર્ગો પર ખાડા કરી દેવાયા છે. જયારે ઘણાં ઠેકાણે હાલમાં પણ ઉબડ ખાબડ સ્થિતિ વચ્ચે નાગરિકો હાલાકી વેઠી રહ્યા છે. નવા સેકટરોમાં અંદાજિત ૪ વર્ષ અગાઉ આંતરિક માર્ગોની કામગીરી હાથ ધરવામાં આવી હતી. માર્ગોના રીસરફેસીંગના અંતે સ્થાનિક રહીશો દ્વારા આડેધડ પેવર બ્લોક કરી દેવાયા છે. જેના લીધે માર્ગો પર વરસાદી પાણીનો પણ ભરાવો થતા માર્ગોનુ ધોવાણ થયુ છે. પેવર બ્લોકની કામગીરીના લીધે માર્ગો નિચાણમાં ધકેલાઇ ગયા છે. આ સ્થિતિ વચ્ચે રસ્તાઓ ખરબચડા બનતા સતત માર્ગો પરથી ડામરની કાંકરીઓ ઉડતી નજરે પડે છે. સેકટરોમાં આંતરિક વિસ્તારમાં એકબાજુ દબાણો પણ વધી રહ્યા છે. ત્યારે માર્ગોની હાલત પણ ખરાબ થઈ છે. સે-૧ થી ૫ માં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવા માટે પણ સ્થાનિકો દ્વારા વારંવાર રજુઆત થઈ છે. થોડા સમય અગાઉ તંત્ર દ્વારા માર્ગોની સફાઇ કરવામાં આવી હતી. પરંતુ છેલ્લા દોઢ મહીના દરમિયાન ઝરમરિયા વરસાદના લીધે સેકટરોના આંતરિક માર્ગો વધુ ખરબચડા બન્યા છે. જેથી આગામી દિવાળી સુધીમાં નવા સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## ૧૦૦ ટકા કામગીરી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

શહેરમાં ૧૮ થી ૪૪ વર્ષના વયજૂથમાં ૨,૫૪,૫૩૩ લોકોને, ૪૫ થી ૬૦ વર્ષના વયજૂથમાં ૧,૦૩,૭૧૫ લોકોને તેમજ ૬૦+ વયજૂથમાં ૬૧,૪૧૩ લોકોને આવરી લેવામાં આવ્યા છે. ગાંધીનગર શહેર અને જિલ્લામાં મળી ૧૧ લાખથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

# સચિવાલય કર્મચારીઓની ન્યુ ક્રેડીટ સોસાયટીની ચૂંટણીમાં રૂદ્રદત્તસિંહ વાઘેલાની પેનલનો ભવ્ય વિજય

ગાંધીનગર, તા.૧૩

ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો.ઓપરેટીવ ન્યુ ક્રેડીટ સોસાયટીના વ્યવસ્થાપક મંડળની ચુંટણીનું આયોજન ગત તા.૧૨ ઓગસ્ટ ગુરુવારના રોજ થયું હતું. ન્યુ ક્રેડીટ સોસાયટીમાં સમગ્ર રાજયના વહીવટી તંત્રની સર્વોચ્ચ સંસ્થા એવા સચિવાલયના વિવિધ અધિકારી-કર્મચારીઓ સભ્ય તરીકે જોડાયેલા છે. ન્યુ ક્રેડીટ સોસાયટીના કુલ-૧૮૮૦ સભ્યો પૈકી ૧૩૫૫ સભ્યોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ગુરુવારના રોજ મોડીરાત્રે જાહેર થયેલા પરિણામ રસાકસીભર્યા ચુંટણી પરિણામોના માહોલમાં ગૃહ વિભાગના સેકશન અધિકારી રૂદ્રદત્તસિંહ વાઘેલા પેનલના તમામ પાંચ સભ્યો જંગી બહુમતિથી વિજય બન્યા હતા. રૂદ્રદત્તસિંહ વાઘેલાની પેનલના તમામ પાંચ સભ્યોને એક હજારથી વધુ મત મેળવી વિજય મેળવ્યો હતો. જેમાં રૂદ્રદત્તસિંહ વાઘેલા-૧૦૪૨ મત, કિર્તિ ચૌધરી -૧૦૦૧ મત, જૈમિન પટેલ-૧૦૦૦ મત, સમિક્ષા કમાણી-૧૧૬૮ મત,



તારક પટેલ-૧૦૫૨ મત મળ્યા હતા. ચુંટણીના પરિણામ મુજબ રૂદ્રદત્તસિંહ વાઘેલાની પેનલમાં અન્ય સાથી સાર્થક ડામોર, જયદિપસિંહ ગોહિલ, મહેશ સોંદરવા, હીરેન રાઠોડ, અને વિશાલ સોલંકી પણ વિજયી બન્યા હતા. પેનલના યુવા સભ્યોએ સભ્યોએ મતદાન અગાઉ સંકલ્પ પત્ર જાહેર કરી કોઈ સભ્યના દુ:ખદ અવસાનના પ્રસંગે ટર્મ પ્લાનની સહાય, મેડીકલ ઈમરજન્સી કેસમાં તાત્કાલીક નાણાકીય સહાય અને ક્રેડીટ સોસાયટીમાં મહિલાઓનું પ્રતિનિધીત્વ જેવા પ્રગતિશીલ વિચારો સાથે ચુંટણી લડી હતી. જેમાં ક્રેડીટ સોસાયટીના સભ્યોએ પોતાનો વિશ્વાસ દર્શાવી પેનલને વિજયી બનાવી હતી. ઉલ્લેખયનીય છે કે અથ્યાસ સુધીના ઈતિહાસમાં પ્રથમવાર મહિલા ડીરેકટર પદે વિજયી પેનલના સભ્ય સમિક્ષા કમાણી પણ હાજર રહ્યા હતા.






ગાંધીનગર તાલુકાનો ગાંધીનગર શહેરના સેકટર-૧૧ રામકથા મેદાન ખાતે યોજાનાર ધ્વજવંદન સમારોહની પરેડનું નિરીક્ષણ નાયબ મ્યુનિસિપલ કમિશનર પી. સી. દવેએ આજે કર્યું હતું. આઝાદી કા અમૃત મહોત્સવ પર્વનો આરંભ ૧૪મી ઓગસ્ટથી થવાનો છે ત્યારે આજે યોજાયેલા આ રિહર્સલે પાટનગરમાં ભારે આકર્ષણ જમાવ્યું હતું.

# ૭૫મા સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ઉજવણી જૂનાગઢ ખાતે યોજાશે

**આજે રાજ્યપાલશ્રી દેવવ્રત આચાર્ય અને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં એટહોમ અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન**

ગાંધીનગર, તા. ૧૩

રાષ્ટ્રના ૭૫માં સ્વાતંત્ર્ય પર્વની રાજ્ય કક્ષાની ઉજવણી જૂનાગઢ ખાતે થનાર છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આ ઉજવણીમા સહભાગી થવા બે દિવસના પ્રવાસે જશે તા.૧૪ અને તા.૧૫ ઓગષ્ટના રોજ જૂનાગઢ ખાતે વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે. તા.૧૪મી ઓગસ્ટના રોજ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે એટહોમ કાર્યક્રમ યોજાશે જેમા પ્રબુધ્ધ નાગરીકો, અગ્રણી અને સમાજ શ્રેષ્ઠીઓને તેઓ શુભકામનાઓ પાઠવશે. ત્યારબાદ સાંજે ૬.૩૦ કલાકે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત તારા નામે ઓ સ્વતંત્રતા થીમ આધારીત સાંસ્કૃતિક કાર્યક્રમમાં યોજાશે જેમા પણ રાજયપાલશ્રી અને મુખ્યમંત્રી ઉપસ્થિત રહેશે.

તા.૧૫મી ઓગષ્ટે સવારે ૯ કલાકે જૂનાગઢમાં બિલખા રોડ સ્થિત પરેડ ગ્રાઉન્ડમાં ૭૫માં સ્વાતંત્ર દિનની ઉજવણી કાર્યક્રમમાં મુખ્યમંત્રી ઉપસ્થિત રહી ધ્વજવંદન કરાવી રાષ્ટ્રધ્વજને સલામી આપશે અને મુખ્યમંત્રી ૭૫માં સ્વાતંત્ર પર્વ નિમિતે રાજ્યના પ્રજાજનોને સંભોધન કરી શુભકામના પાઠવશે. ગુજરાત પોલીસને પ્રજાની સુરક્ષા માટે વધુ સુસજ્જ કરવાના ભાગરૂપે જૂનાગઢથી મુખ્યમંત્રી ગુજરાત પોલીસને ૧૦ હજાર બોડી વોર્ન કેમેરા અને ૧૫ ડ્રોન કેમેરા સિસ્ટમ અર્પણ કરશે. પ્રવર્તમાન કોવિડ-૧૯ની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સંપૂર્ણ કોવિડ પ્રોટોકોલ સાથે કાર્યક્રમ યોજાશે.

## બજારમાં ધમધમાટ...

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

દિવસની સાથે રાત્રિના સમયે પણ રોનક જોવા મળી રહી છે. જો કે હજુ શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા પુરતી થતી નથી ઓફલાઇન શિક્ષણની સાથે ઓનલાઇન શિક્ષણનો વિકલ્પ ખુલ્લો હોવાથી વાલીઓ વિદ્યાર્થીઓને શાળાએ મોકલવાનુ ટાળી રહ્યા હોવાનુ પણ સ્પષ્ટ થઇ રહ્યુ છે. પરંતુ કોરોનાના કેસ ઘટતા સમગ્ર રાજયમાં જનજીવન સામાન્ય બની રહ્યુ છે ત્યારે ગાંધીનગરમાં પણ કોરોના ઈફેકટ નહીંવત જોવા મળી રહી છે. એક સમયે નગરના માર્ગો પર સુનકાર જોવા મળી રહ્યો હતો જયારે આજે દિવસ થી રાત સુધી સતત માર્ગો પર ટ્રાફિકના ધમમાટ વચ્ચે નગરના શોપિંગ બજારમાં પણ અનોખી ચહલપહલ જોવા મળી રહી છે. પરંતુ આ સ્થિતિ વચ્ચે નાગરિકો માસ્ક ફરજિયાત પહેરીને જરૂરી તકેદારી રાખે તે પણ અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

## ટાપુઓ પર...

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ભારતીય કોસ્ટગાર્ડ દેશના સ્વતંત્રતા દિવસ નિમિત્તે 'આઝાદી કા અમૃત મહોત્સવ'ના ભાગરૂપે ભારતભરના સો ટાપુઓ પર તિરંગો ફરકાવશે.દેશના સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આ દિવસે રાષ્ટ્રીય કેડેટ કોર્પ્સ (એનસીસી) સલામીને સ્વતંત્રતા સેનાનીઓ ના અખિલ ભારતીય કાર્યક્રમનું ઉદ્‌ઘાટન પણ કરશે. આ કાર્યક્રમ હેઠળ, એનસીસી કેડેટ્સ નેશનલ કેડેટ કોર્પ્સ બટાલિયન દ્વારા લેવામાં આવેલી ૮૨૫ મૂર્તિઓની સફાઈ અને સુશોભન કરશે. નોંધપાત્ર છે કે આ વર્ષે દેશ આઝાદીની ૭૫ મી વર્ષગાંઠ ઉજવી રહ્યો છે. આવી સ્થિતિમાં સંરક્ષણ મંત્રાલયની આ ઘટનાઓ દેશના લોકોને પ્રેરણા આપવા માટે મહત્વની છે. દેશના ૭૫ માં સ્વતંત્રતા દિવસ નિમિત્તે ભારતીય સેનાની ટીમો ૭૫ પર્વત પસાર કરશે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ૧૩ ઓગસ્ટના રોજ આ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. ધ્વજવંદન સાથે પ્રારંભ થશે. અભિયાન અંતર્ગત કારગીલ ક્ષેત્રમાં સ્ટેકપોચન પાસ, સતોપંથ, હર્ષિલ, ઉત્તરાખંડ, ફીમ કર્નાલા, સિક્કિમ અને અરુણાચલ રાજયના તવાંગ પ્રદેશમાં પોઈન્ટ ૪૪૯૩ અને લદાખ ક્ષેત્રમાં સાસેરલા પાસને જોડવામાં આવ્યા છે.

## વાહનો હટશે...

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કર્યા બાદ પીએમ મોદીએ જણાવ્યું હતું કે, ૭૫ મા સ્વતંત્રતા દિવસ પહેલા આજનો કાર્યક્રમ આત્મનિર્ભર ભારતના મોટા લક્ષ્યને સિદ્ધ કરવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે. આજે આપણે સ્ક્રેપિંગ પોલિસી લોન્ચ કરી રહ્યાં છીએ, જે આવનારા સમયમાં નવા ભારતની મોબિલિટીને ઓટો સેક્ટરને નવી ઓળખ આપશે. અનફિટ વાહનોને માર્ગ પરથી હટાવવામાં આ પોલિસી મહત્વની સાબિત થશે. દેશની અર્થવ્યવસ્થા માટે મોબિલિટી મોટું ફેક્ટર છે. જેમાં ઈન્ડસ્ટ્રીના તમામ દિગ્ગજોની મોટી ભૂમિકા રહેશે. આ પોલિસી દેશમાં પ્રદૂષણ ઘટાડવામાં મદદરૂપ સાબિત થશે. દેશમાં ૧૦ હજાર કરોડથી વધુનું ઈન્વેસ્ટમેન્ટ લાવશે. આપણે આઝાદીના ૭૫ મા વર્ષમાં પ્રવેશ કરીશું. વેપાર અને ધંધામાં, જીવનમાં અનેક પરિવર્તન આવશે.

## એક વર્ષની કેદ...

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જેમાં કુલ ૧૯ પૈકી સાત આરોપીઓને સજા ભોગવવા આદેશ કર્યો છે. ગાંધીનગરના ૧૧ માં એડીશ્નલ ચીફ જયુડીશિયલ મેજીસ્ટ્રેટ પી કે ગઢવીએ સાત આરોપીઓને એક વર્ષની કેદની સજા ભોગવવાનો હુકમ કર્યો છે. આ કેસના અન્ય ૧૨ આરોપીઓને નિર્દોષ છોડી મુકવા પણ કોર્ટે આદેશ કર્યો છે.વર્ષ ૨૦૦૮ દરમિયાન આસારામ આશ્રમમાં પત્રકારો પર સાધકો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો જયારે આ ઘટનામાં અલગ અલગ ચાર ગુન્હા નોંધવામાં આવ્યા હતા જેની સુનાવણી હાલ હાથ ધરવામાં આવી છે.